કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

# ભક્તિ, સંસ્કૃતિ અને પ્રકૃતિના સંગમ સાથે ગિરનારની તળેટીમાં ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો તા. ૧૧ ફેબ્રુઆરીથી વિધિવત પ્રારંભ

**નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં પવિત્ર સાધુ સંતોનો ભવ્ય નગર પ્રવેશ કરાશેશ્રદ્ધાળુઓને તમામ સુવિધા આપવા રાજ્ય સરકાર સજ્જ**

**સાંસ્કૃતિક વારસાને દીપાવવા માટે આ વર્ષે પ્રથમવાર ભવ્ય 'ડમરુ યાત્રા'નું આયોજન•**

**સર્વ સમાજની દીકરીઓ કળશ ધારણ કરી સંતોનું સ્વાગત કરશે•**

**૮૦૦થી વધુ ભાવિકો માટે રહેવાની આરામદાયક સુવિધા**








**૨૫ સ્થળોએ વાહનો માટે સુરક્ષિત પાર્કિંગની વ્યવસ્થા** ***********દેવાધિદેવ મહાદેવના સાનિધ્યમાં ભક્તિ, સંસ્કૃતિ અને પ્રકૃતિના સંગમ સાથે જૂનાગઢના પવિત્ર ભવનાથ ગિરનારની તળેટીમાં પરંપરાગત રીતે વિશ્વ પ્રસિદ્ધ 'મહાશિવરાત્રી મેળો' યોજાશે. આ વર્ષે ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો આવતીકાલ તા. ૧૧ ફેબ્રુઆરીથી વિધિવત પ્રારંભ થશે. પાંચ દિવસ યોજાતા આ અલૌકિક મેળામાં આવતા શ્રદ્ધાળુઓને કોઈ પણ અગવડ ન પડે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વિવિધ સુવિધાઓ સાથે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢના સુપ્રસિદ્ધ મહાશિવરાત્રી મેળાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને દીપાવવા માટે આ વર્ષે પ્રથમવાર ભવ્ય 'ડમરુ યાત્રા'નું આયોજન કરાયું છે જેમાં, નાયબ મુખ્યમંત્રીશ્રી પણ સહભાગી થશે. ઈતિહાસમાં પ્રથમવાર સર્વ સમાજની દીકરીઓ કળશ ધારણ કરી સંતોનું સ્વાગત કરશે. આ ભવ્ય ડમરુ યાત્રા મેળાના પ્રથમ દિવસે, એટલે કે ૧૧મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૭:૦૦ કલાકે ભવનાથ પ્રવેશ દ્વારથી શરૂ થઈ ભવનાથ મંદિર સુધીના અંદાજિત ૪૦૦ મીટરના માર્ગ પર ભક્તિમય માહોલમાં નીકળશે. યાત્રાના સમાપન બાદ ભવનાથ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા યાત્રિકોના રાત્રિ રોકાણને આરામદાયક બનાવવા માટે ૮૦૦-૮૫૦ ભાવિકોની ક્ષમતાં ધરાવતો વિશાળ જર્મન ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. ભાવિકો માટે ૨,૦૦૦ ચો.મી.માં ફેલાયેલા આ ડોમમાં ૭૦૦ પલંગ અને ૧૫૦ ફ્લોર બેડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે તેમને ૨૪*૭ હાઉસકીપિંગ, મેડિકલ સહાય, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ અને સામાન રાખવા માટે અલગ લગેજ રેક જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.મેળામાં આવતા નાગરીકોના વાહનોના વ્યવસ્થાપન માટે ઉપરકોટ, પાંજરાપોળ, વાઘેશ્વરી મંદિર, જેવા ૨૫ અલગ-અલગ સ્થળોએ વિશાળ પાર્કિંગ પ્લોટ્સ બનાવવામાં આવ્યા છે. નાગરીકોના વાહનોની સુરક્ષા માટે દરેક પાર્કિંગમાં સીસીટીવી કેમેરા, પીવાનું પાણી અને શૌચાલયની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.મેળાના માર્ગો અને મંદિરોને વધુ ભક્તિમય બનાવવામાં આવશે. જેમાં સમગ્ર ભવનાથ મેળા વિસ્તારને 'ભગવાન ભોલેનાથ'ની થીમ પર શણગાર કરવામાં આવશે. ભવનાથ મંદિરનું ફૂલોથી સુશોભન અને સમગ્ર રવેડી રૂટ પર આકર્ષક રોશની કરવામાં આવશે. ભવનાથ મંદિર, અખાડાઓ, દામોદર કુંડ અને ૬ મુખ્ય પ્રવેશદ્વારોને આકર્ષક રોશનીથી ઝળહળતા કરવામાં આવશે. મેળાના રસ્તામાં ૦૬ - સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ઉપરાંત સમગ્ર મેળા વિસ્તારમાં ભગવાન શંકરના કલાત્મક ચિત્રો પણ કંડારવામાં આવ્યા છે. ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધીના રસ્તા ઉપર સુશોભન અને લાઈટિંગ પણ કરવામાં આવી છે.ભવનાથ અને તેની આસપાસના વિસ્તારોમાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ આધુનિક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આ અંતર્ગત, પીવાના શુદ્ધ પાણી માટે ભવનાથમાં ૧૪૦ પરબની વ્યવસ્થા કરાઈ છે. પર્યાવરણની જાળવણી માટે ૧૦ બોટલ ક્રશર મશીન અને કોઈપણ તબીબી જરૂરિયાતને પહોંચી વળવા માટે ૨૮ મેડિકલ સુવિધા કાઉન્ટર્સ પણ કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, મેળા દરમિયાન કુલ ૧૧૮ હંગામી ટોયલેટ તેમજ ભવનાથ વિસ્તારમાં ૬ મોબાઈલ ટોયલેટની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. જેમાં ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા અને ૨૪*૭ હાઉસકીપિંગની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ પાર્કિંગના તમામ સ્થળોએ ફ્લડ લાઈટ, સેનિટેશન, સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા, રાઉન્ડ ધી ક્લોક પોલીસ બંદોબસ્ત રહેશે. આ માટે જિલ્લા કક્ષાએ પાર્કિંગ સમિતિની રચના કરવામાં આવી છે. આ પાર્કિંગથી મુખ્ય બે પોઈન્ટ ભરડાવાવ અને ગિરનાર દરવાજાથી શ્રદ્ધાળુઓ ભવનાથ તરફ પ્રસ્થાન કરશે. પાર્કિંગ સ્થળોએથી ખાસ કરીને દિવ્યાંગોને મેળામાં લઈ જવા માટે ૨૫ જેટલી રીક્ષાઓથી નિ:શુલ્ક પરીવહનની સુવિધા પુરી પાડવાનું આયોજન કર્યું છે.સ્થાનિક તંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, લાઈટ એન્ડ સાઉન્ડ શો અને સુરક્ષા માટે બેરીકેટીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. મહાશિવરાત્રીની રાત્રે યોજાનારી સાધુ-સંતોની શાહી રવેડી અને મૃગીકુંડમાં શાહી સ્નાન મેળાનું મુખ્ય આકર્ષણ રહેશે. 'અતિથિ દેવો ભવ:'ની ભાવના સાથે રાજ્ય સરકાર મહાશિવરાત્રી મેળાને ભક્તિ, શક્તિ અને સુવિધાનો ત્રિવેણી સંગમ બનાવી શ્રદ્ધાળુઓને આવકારવા સંપૂર્ણ સજ્જ છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

### સાવરકુંડલા શહેરમાં પ્રથમ વખત

# ફોનથી પેસેન્જર રીક્ષા ભાડે મેળવો

## શું આ તમે જાણો છો ???

**ઈલેક્ટ્રીક પેસેન્જર રીક્ષા, વ્યાજબી ભાડું, અવાજના પ્રદૂષણ વગર શાંત સવારી, ઉત્તમ સર્વિસ**

## 7801852020

**આપની સેવામાં રીક્ષાની જરૂરિયાત માટે આ નંબર યાદ રાખો**



તારીખ : 10/02/2026

# સવારે અને રાત્રે ઠંડી, જ્યારે બપોરે આકરા તડકાનો અનુભવ..

ગુજરાતમાં હાલ શિયાળો વિદાય લેવાની તૈયારીમાં હોય તેમ વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ગુજરાત રાજ્યના મોટાભાગના શહેરોમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને રાત્રે ઠંડીનો ચમકારો લોકો અનુભવે છે. જ્યારે બપોરે આકરો તડકો હોય છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક સપ્તાહ સુધી રાજ્યમાં મિશ્ર વાતાવરણ યથાવત્ રહેશે.આગામી અઠવાડિયા સુધી રાજ્યમાં હવામાન સૂકું રહેશે અને લઘુતમ તાપમાનમાં કોઈ મોટી વધઘટની સંભાવના જોવા મળતી નથી. હાલમાં નીચલા સ્તરે ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે ઠંડીનું જોર ઘટ્યું છે. ઉત્તર દિશાના ઠંડા પવનો લાંબો સમય ટક્યા ના હોય તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો નથી.અમદાવાદ અને ગાંધીનગરમાં લઘુતમ તાપમાન ૧૮ ડિગ્રી તથા મહત્તમ ૩૨ ડિગ્રી રહી શકે છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, મન્નારના અખાત પર સક્રિય થયેલું 'અપર લેવલ સાયક્લોનિક સર્ક્યુલેશન' હવે નબળું પડયું છે.દક્ષિણ અને પશ્ચિમ-મધ્ય અરબી સમુદ્ર, માલદીવ અને કોમોરિન વિસ્તારોમાં છૂટાછવાયા નીચાથી મધ્યમ વાદળો છવાયેલા છે. જોકે, તેની કોઈ મોટી અસર ગુજરાતના તાપમાન પર જોવા મળે તેવી સંભાવના ઘણી ઓછી જોવા મળી રહી છે. ત્યારે સવારે અને રાત્રે ઠંડી, જ્યારે બપોરે આકરા તડકાનો અનુભવ થઈ રહ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 10/02/2026

# જલારામબાપાની પુણ્યતિથિ નિમિત્તે વીરપુરના વેપારીઓ રોજગાર બંધ રાખી શ્રદ્ધાંજલી આપશે..



રાજકોટ જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરના સંત જલારામ બાપા સેવકો સાથે ભજન કરતા કરતા વિક્રમ સવંત મહા વદને દશમીને બુધવારના દિવસે વૈકુંઠવાસ થયા હતા. ત્યારથી ગુજરાતી માસ મુજબ મહા વદને દશમીના દિવસે જલારામ બાપાનો નિર્વાણ દિન એટલે જલાબાપાની પુણ્યતિથિ તરીકે માનવામા આવે છે.ભકત શ્રી જલારામઆ વર્ષે જલારામ બાપાની પુણ્યતિથિના દિવસે તા. ૧૨ ફેબ્રુઆરીને ગુરૂવારે સમગ્ર વીરપુર ગામના તમામ નાના-મોટા વેપારીઓ અને વીરપુર વેપારી એસોસિએશન પણ સંપૂર્ણપણે પોતાના રોજગાર ધંધા બંધ પાળીને જલારામ બાપાને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. વીરપુર આવતા ભાવિકો, યાત્રાળુઓ માટે જલારામ બાપાની જગ્યામાં અન્નક્ષેત્ર તેમજ દર્શન રાબેતા સમય મુજબ ચાલુ રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

AR JEWELLERS

## એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

કે.ડી NEWS
તારીખ : 10/02/2026

# દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લઈને ગુજરાતનું નામ રોશન કરનારા NCC કેડેટ્સનું સન્માન કરતાં મુખ્યમંત્રી શ્રી..



ગાંધીનગરમાં લોકભવન ખાતે યોજાયેલી એટ હોમ સેરેમનીમાં દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લઈને ગુજરાતનું નામ રોશન કરનારા N C C કેડેટ્સનું સન્માન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.આ અવસરે N C C ના વિવિધ ગ્રૂપ વચ્ચે યોજાયેલી સ્પર્ધાઓમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ગ્રૂપને 'ઈન્ટરગ્રૂપ ચેમ્પિયનશિપ બેનર ઓફ ગુજરાત' એનાયત કર્યું તેમજ સંસ્થામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કેડેટ્સને સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યા હતા.N C C માત્ર સંસ્થા નહિ, પણ એકતા અને અનુશાસન સાથેની આદર્શ જીવનશૈલી શીખવતી પાઠશાળા છે. અનુશાસન વિના વ્યક્તિ આગળ વધી શકતી નથી અને અનુશાસન વિના રાષ્ટ્ર પણ પ્રગતિ કરી શકતું નથી.



તાજેતરના વર્ષોમાં દેશમાં NCC કેડેટ્સની સંખ્યા 14 લાખથી વધીને 20 લાખ થઈ છે, તે ગૌરવની વાત છે. NCCમાંથી શીખેલા શિસ્ત, નેતૃત્વ, સમર્પણ અને દેશપ્રેમના મૂલ્યો આ કેડેટ્સને સમગ્ર જીવનમાં માર્ગદર્શન આપશે. તેવું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# દુકાન ભાડે આપવાની છે...

નહીં પાઘડી, નહીં ડીપોઝીટ
એક દુકાન, એક અંડરગ્રાઉન્ડ
બ્યુટી પાર્લર તેમજ કોઇપણ
ધંધાને અનુકુળ ભાડે
આપવાની છે.

હવેલી શેરી, વિવેકાનંદ માર્કેટ,
ઝવેરી ચેમ્બર, સાવરકુંડલા.

હાજી હનીફભાઇ મુસાભાઇ શેખાણી
મો. 99785 84836

ડે.ડે NEWS
તારીખ : 10/02/2026

# લીલીયા તાલુકાના પુંજાપાદરમાં એક હજાર પક્ષીઓને રહેવા માટે ચબુતરાનું નિર્માણ કરાયું...



અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પુંજાપાદર ગામના વતની ને વતન પ્રત્યે કઈ કરવાની ભાવના ધરાવતા ને હાલ સુરત રહેતા રમેશભાઈ હરિભાઈ રામાણી ના માતૃશ્રી શાંતાબા ના નામ થી ૧૨ લાખ ના ખર્ચે ૧૦૦૦ પક્ષી ઓ ને રેવા માટે એક સુંદર ચબૂતરો તેમના વતન પુંજાપાદર ગામ માં નાગબાઈ માતાજીના મંદિરની સામે બનાવીને આજરોજ શ્રી રમેશભાઈ હરિભાઈ રામાણી દ્વારા તેમના માતુશ્રી શાંતાબા હરિભાઈ રામાણી ના વરદ હસ્તે સ્વ.હરિભાઈ જેરામભાઈ રામાણી ના સમરણાર્થ શાંતા બા પક્ષી ઘર નું શાંતાબા ના વરદ હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ અનાવરણ કાર્યક્રમમાં વિઠ્ઠલભાઈ રામાણી વિનુભાઈ રામાણી આનંદ ધાનાણી કિશોરભાઈ પાઠક તાલુકો પંચાયત સભ્ય ઘનશ્યામભાઈ મેઘાણી અશોકભાઈ રામાણી આશિષભાઈ રામાણી તથા પુંજાપાદર ગામ ના સમસ્ત પરિવાર મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

તારીખ : 10/02/2026
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શ્રી રામ ખમણ

ખમણ, નાયલોન ખમણ, પાત્રા, વાટીદાળના ખમણ, સેવ ખમણી, સમોસા, ઈદડા, સેન્ડવીચ ખમણ અને ખાંડવી અમારે ત્યાં મળશે.. તેમજ તમારા શુભ પ્રસંગોમાં ઓર્ડર દેવા માટે સંપર્ક કરવો..

**ચૌહાણ અમિત**
**મો. 97236 78737**

**ટી.જી.ના પેંડાની સામે, દેવળાગેઈટ, સાવરકુંડલા**

કે.ડી. NEWS
તારીખ : 10/02/2026

# લાઠી તાલુકાના કાંચરડી ગામ ખાતે ૨૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું...



અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના કાંચરડી ગામ ખાતે સદભાવના ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ૨૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરી પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવામાં આવી હતી. આ તકે લાઠી દામનગર ના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા સહિત રાજકીય સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ હરિત પહેલ આવનારી પેઢી માટે સ્વચ્છ અને હરિયાળું વારસો ઉભો કરવાનો સંકલ્પ છે. તેવું ધારાસભ્યશ્રી એ જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# એક્યુરેટ ઈન્ડસ્ટ્રીયલ હબ

Accurate ★★★★★ Top In Town

## બુકીંગ શરૂ...

વહેલા તે પહેલાના ધોરણે

મિત્રો, શુભેચ્છકો, ગ્રાહકો અને દલાલમિત્રોને પધારવા ખાસ આમંત્રણ




* NA થયેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ * અમરેલી નેશનલ હાઈવે ટચ
* બાયપાસથી નજીક * શહેરથી માત્ર ૧૦ મિનિટના અંતરે...

**સ્થળ : એક્યુરેટ પેટ્રોલિયમની બાજુમાં, બાયપાસ પછી, અમરેલી રોડ, સાવરકુંડલા.**

ઓફીસ : એક્યુરેટ પેટ્રોલિયમ, અમરેલી રોડ, સાવરકુંડલા

સમય : સવારે ૧૦ થી આપના આગમન સુધી


સંપર્ક : રાજુભાઈ દોશી - મો. ૯૮૭૯૫ ૮૦૬૯૦

ભુપતભાઈ યાદવ - મો. ૮૩૪૭૧ ૬૨૧૯૦

કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

# ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામમાં ૨૨મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો...



અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત અને ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ડૉ. રતિદાદાના સાનિધ્યમાં ભવ્ય ૨૨મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયા સહિત મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટયું હતું.યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ઉત્સવમાં જ્ઞાતિ, જાતિ કેધર્મના ભેદભાવ વિના જુદી-જુદી જ્ઞાતિના ૨૧ નવયુગલો જોડાયા હતા. આ પ્રસંગે દરેક કન્યાને ૧૩0 કરતા વધુ વસ્તુઓ કરિયાવર રૂપે ભેટ આપવામાં આવી હતી.ડૉ. રતિદાદાના હસ્તે આજ દિન સુધીમાં કુલ ૧૮૨૬ દીકરીઓના લગ્ન કરાવવાનું ભગીરથ કાર્ય થયું છે. આ કાર્યક્રમમાં આફ્રિકા (કંપાલા)થી ખાસ ઉપસ્થિતરાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પરેશભાઈ મહેતા, ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડિયા,અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, રઘુવીરગીરી બાપુ, કરુણાનિધાનબાપુ, હર્ષદબાપુ ભગત સહિતના સંતો-મહંતો અને રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા. ભારતભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતા.લગ્નોત્સવની સાથે




શાંતાબેન ગજેરા હોસ્પિટલ દ્વારા મહારક્તદાન શિબિરનું પણ આયોજન કરાયું હતું, જેમાં સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતાએ પણ રક્તદાન કર્યું હતું.આ કાર્યક્રમનું સંચાલન મહેશભાઈ મહેતા અને શીતલબેન મહેતાએ કર્યું હતું, જયારે વ્યવસ્થા જાળવવામાં ગાયત્રી એજ્યુકેશન ગ્રુપના સ્ટાફ અને ચલાલા પોલીસે જહેમત ઉઠાવી હતી. ત્યારે ભવ્ય અને દિવ્ય રીતે ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામમાં ૨૨મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ નું આયોજન થયું હતું.

તારીખ : 10/02/2026

# બગસરામાં મહા શિવરાત્રિ નિમિત્તે સતત ત્રીજી વાર ભવ્ય પાલખી યાત્રા યોજાશે...

## સમગ્ર વાતાવરણ શિવમય થશે.




અમરેલી જિલ્લાના બગસરા શહેરના ઈતિહાસમાં સતત ત્રીજી વખત મહાશિવરાત્રી નિમિત્તે પાલખીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.જયારે આ વર્ષે ત્રી પાલખી શિવોત્સવ છે જેમાં આ વર્ષે માતાજી પણ પાલખીમાં બિરાજમાન થશે. જેના ભાગ રૂપે સનાતન ગ્રુપ દ્વારા શહેરને ધ્વજા તેમજ પતાકાથી શણગારવાનું પણ કામ પૂર જોશમાં ચાલુ કરવામાં આવ્યું છે.આગામી 15 તારીખના મહાશિવરાત્રીના પાવન અવસર પર ભવ્ય આયોજન કરવામાં – આવેલ છે. આ મહાશિવરાત્રીના પર્વમાં પાલખીયાત્રાનું આયોજન તો કરવામાં આવેલ છે. તેમજ રાત્રીના 9 કલાકે ગુજરાતના પ્રખ્યાત કવિઓ દ્વારા સાતલ તારા કાંઠે કાવ્ય પઠન કરાશે.સાથો સાથ માતાજી પાલખીમાં બિરાજમાન થશે.આ શોભાયાત્રા રત્નેશ્વર મહાદેવ મંદિરથી શહેરના મુખ્ય માર્ગો પર પસાર થઈને ભૂતનાથ મહાદેવનાસાનિધ્યમાં આ પાલખીયાત્રાનું પૂર્ણાહુતી કરવામાં આવશે. અંતમાં રાજોપચાર મહાઆરતી થશે.આ કાર્યક્રમને અતિ ભવ્ય બનાવવા માટે બગસરાની તમામસંસ્થાઓનો જેવી કે ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી મહામંડળ, કિરાણા એસોસિયેશન અને પેસેન્જર એસોસિયેશન દ્વારા આ પાલખીયાત્રા દરમિયાન અનુરોધ કરવામાં આવ્યો છે કે તમામ વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ કરીને આ પાલકી યાત્રામાં જોડાય. મહાશિવરાત્રી નિમિત્તે યોજાયેલ આ પાલખી યાત્રાનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા દરમિયાન અલગ અલગ સંસ્થાઓ દ્વારા ફરાળ તેમજ ઠંડા પીણાના સ્ટોલો પણ લગાવવામાં આવશે. આવી ભવ્ય પાલખી યાત્રા ભવ્ય આયોજનમાં સહભાગી થવા સનાતન ગ્રુપ તેમજ સમસ્ત હિન્દુ સમાજ વતી તમામ ધર્મપ્રેમી જનતાને આ પાલખી યાત્રામાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે. ત્યારે મોટી સંખ્યામાં શિવ ભકતો ઉપસ્થિત રહેશે અને મહાદેવ ના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru

9081241916




## ૯,૯૯૯ થી વધુ કરોડોની કિંમતના ઈનામો!

માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર..*

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

**16 DAYS LEFT**

ઓફર : ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.

મો. 95373 12695, 94262 80911


*શરતો લાગુ

કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

# સોમનાથ મંદિરની ધ્વજારોહણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા અમરેલીના આગેવાનો...





પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરની ધ્વજારોહણ કાર્યક્રમમા સોમનાથ દાદાના દર્શન સાથે આશિર્વાદ મેળવવામાં આવ્યા હતાં, જેમાં ચિતલના શ્રી હિરેનભાઈ ચાવડા પરિવારના ધ્વજારોહણ કાર્યક્રમમા ઉપસ્થિત અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી,અમરેલી જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, જીલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ શ્રી રાજુભાઈ ભુતૈયા, અમરેલી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી દિલીપભાઈ સાવલીયા સહીત રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અને સમગ્ર વાતાવરણ શિવમય થયું હતું.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Aavkar
RESTAURANT & BANQUET HALL

VegBurger



કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

તારીખ : 10/02/2026

# ધારી ગીર પૂર્વ વિભાગ ના કર્તવ્યનિષ્ઠ ફોરેસ્ટ અધિકારી યાસીનભાઈ જુણેજા ઉમરાહની મુબારક સફરે રવાના



## ફોરેસ્ટ વિભાગ, પરિવારજન અને મિત્રવર્તુળ દ્વારા ભવ્ય સન્માન તથા વિદાય સમારોહ

ધારી ગીર પૂર્વ વિભાગ ની સાવરકુંડલા નોર્મલ રેન્જ મા ઈમાનદારી અને કર્તવ્ય નિષ્ઠા થી સાવરકુંડલા ખાતે ફરજ બજાવતા ફોરેસ્ટ અધિકારી યાસીનભાઈ હાજી ઓસમાણભાઈ જુણેજા તેમના પરિવાર સાથે પવિત્ર મક્કા-મદીના શરીફની ઉમરાહની મુબારક સફરે રવાના થતાં આનંદ અને ભક્તિભર્યો માહોલ સર્જાયો હતો.યાસીનભાઈ જુણેજા વર્ષોથી વન સંરક્ષણ, વન્યજીવ સંવર્ધન તથા વન વિભાગની જવાબદારીઓ પ્રત્યે અત્યંત નિષ્ઠાવાન અધિકારી તરીકે ઓળખાય છે. તેમની સેવાઓ બદલ રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા તેમને અગાઉ સન્માનિત પણ કરવામાં આવ્યા છે. એવા કરમનિષ્ઠ અધિકારી ઉમરાહની પવિત્ર યાત્રા પર જઈ રહ્યા હોય તે અવસરે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સાવરકુંડલા તથા તેમના કુટુંબીજનો દ્વારા ભવ્ય અને ઉષ્માભેર સન્માન સમારોહ યોજાયો હતો.આ અવસરે ફોરેસ્ટ વિભાગનો સમગ્ર સ્ટાફ યાસીનભાઈના નિવાસસ્થાને પહોંચ્યો હતો અને તેમને શાલ, પુષ્પહાર તથા શુભેચ્છા પાઠવી ઉમરાહની સફર સુખદ અને મંગલમય બને તેવી દુઆ કરી હતી. તેમના પરિવારજનોમાં અલીભાઈ ઝાખરા સહિતના સગા-સંબંધીઓ પણ ઉપસ્થિત રહી આ શુભ પ્રસંગના સાક્ષી બન્યા હતા.ઉમરાહની યાત્રા મુસ્લિમ સમાજ માટે અત્યંત પવિત્ર અને ભાગ્યશાળી માનવામાં આવે છે. નેક દિલ અને ઈમાનદાર સ્વભાવ ધરાવતા યાસીનભાઈ જુણેજા અને તેમનો પરિવાર આ પવિત્ર યાત્રા માટે પસંદગી પામ્યો હોય તે બદલ સમગ્ર સમાજમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે તેમને દિલથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તથા દુઆઓમાં યાદ રાખવા વિનંતી કરવામાં આવી હતી.વિદાય સમારોહ દરમિયાન તેમના મિત્રવર્તુળ અને સમાજના આગેવાનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં અલીભાઈ ઝાખરા, ઓસાભાઈ પઠાણ, નાસીરભાઈ ચૌહાણ, દિલીપભાઈ જીરુકા (કાઉન્સિલર રાજે મહંમદ ઉર્ફે ટકાભાઈ, પત્રકાર દશરથસિંહ રાઠોડ, ચિરાગભાઈ આચાર્ય, મિલનભાઈ પરમાર સહિત અનેક મિત્રજનોએ તેમને ઉમરાહ મુબારક કહી શુભેચ્છા પાઠવી હતી.આ સાથે સાવરકુંડલા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી R F O શ્રી પ્રતાપ ચાંદુ સાહેબ, તેમજ રણજીતભાઈ ચાંદુ, પ્રકાશભાઈ થલેસા, મનુભાઈ મકવાણા, હુસૈનભાઈ લલીયા, ભરતભાઈ વરીયા, હિમાંશુભાઈ જોષી, સાગરભાઈ હરીયાણી, જયદીપભાઈ શીલુ, હિતેષભાઈ રાઠોડ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ યાસીનભાઈ જુણેજા તથા તેમની ફેમિલીને શુભકામનાઓ પાઠવી હતી.સમસ્ત હિન્દુ-મુસ્લિમ સમાજ દ્વારા યાસીનભાઈ જુણેજા અને તેમના પરિવારને ભવ્ય વિદાયમાન આપવામાં આવી હતી, જે સૌહાર્દ, ભાઈચારા અને માનવતા નો ઉત્તમ દાખલો બની રહ્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

# જીરા પ્રાથમિક શાળામાં હેન્ડ વોશિંગ પર્સનલ હાઈજીન વિશે માહિતી આપવામાં આવી...



નેશનલ ડી વોર્મિંગ ડે અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જીરા સીમરણ તથા આયુષ્યમાન આરોગ્ય મંદિર જીરા દ્વારા માધ્યમિક શાળા અને પ્રાથમિક શાળામાં બાળકોને આલ્બેન્ડાજોલ ગોળીનું વિતરણ કરાવવામાં આવ્યું હતું અને તમામ બાળકોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જીરાના આયુષ મેડિકલ ઓફિસર ડો. જયકાંત પરમાર સુપરવાઈઝર મુકેશભાઈ, સીએચઓ હિરલબેન, આરોગ્ય કાર્યકર દેવાંગભાઈ તથા નેહાબેન દ્વારા હેન્ડ વોશિંગ પર્સનલ હાઈજીન વિશે માહિતી આપવામાં આવી હતી.

જેમાં મોટી સંખ્યામાં પ્રાથમિક શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા અને વિસ્તૃત રીતે માહિતી મેળવી હતી.



કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

# આયુષ્માન આરોગ્ય મંદિર જાબાળ ખાતે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ (NDD)ની ઉજવણી કરવામાં આવી...







દર વર્ષે સરકાર દ્વારા બાળકોમાં પેટના કૃમિ (કીડા)ના સંક્રમણને અટકાવવા અને તેમનું આરોગ્ય સુધારવાના હેતુથી રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ (NDD) ઉજવવામાં આવે છે. આ નિમિત્તે જાબાળ ગામમાં આયુષ્માન આરોગ્ય મંદિર જાબાળ ખાતે આરોગ્ય કર્મચારી ચંદ્રકાંતભાઈ બગડા (MPHW), શ્રી કૃષ્ણકુમાર (CHO), વસંનબેન ગીડા (FHW) તથા આશા બહેનોના સહયોગથી રાષ્ટ્રીય કૃમિનાશક દિવસનો કાર્યક્રમ યોજાયો. આ અવસરે શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો તેમજ આંગણવાડીની બહેનો હાજર રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન બાળકોમાં થતા પેટના કૃમિ સંક્રમણ અંગે જનજાગૃતિ ફેલાવવા માટે IEC પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. જેમાં કૃમિના કારણો, લક્ષણો, તેના કારણે થતી અનીમિયા, પોષણની કમી તેમજ બાળકોના શારીરિક અને માનસિક વિકાસ પર પડતી અસરો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. ઉપરાંત નિર્ધારિત મુજબ બાળકોને કૃમિનાશક દવા (Albendazole) આપવાના મહત્વ અંગે સમજ આપવામાં આવી.ઉપરાંત સ્વચ્છતા અંગે જાગૃતિ આપવામાં આવી જેમ કે નિયમિત હાથ ધોવાની આદત, સ્વચ્છ પીવાનું પાણી ઉપયોગમાં લેવું, ખુલ્લામાં શૌચ ન કરવું અને સ્વચ્છ જીવનશૈલી અપનાવવાથી કૃમિ સંક્રમણથી કેવી રીતે બચી શકાય તે અંગે માહિતી આપવામાં આવી.આ ઉપરાંત બાળકોનાં માતા-પિતાને તેમના બાળકોને નિયમિત કૃમિનાશક દવા આપવાની અને કોઈ લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવાની અપીલ કરવામાં આવી.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોને કૃમિ મુક્ત બનાવવો, પોષણ અને આરોગ્યમાં સુધારો લાવવો તથા સ્વસ્થ અને સશક્ત ભવિષ્ય તરફ પગલું ભરવાનું રહ્યો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ્

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ્ડ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

# સાવરકુંડલા તાલુકાના શેલણા માધ્યમિક શાળા અને આંગણવાડીમાં કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરાયું



શેલણા માધ્યમિક શાળા, આંગણવાડીમાં કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરાયું: શેલણા ગામની માધ્યમિક શાળા અને આંગણવાડી કેન્દ્રમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ અંતર્ગત બાળકોને કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.. શેલણા ગામની માધ્યમિક શાળા અને આંગણવાડી કેન્દ્રો માં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ અંતર્ગત બાળકોને કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારી અને સાવરકુંડલા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન તેમજ મોટા ઝીંઝુડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર શ્રી ઓ ના દેખ રેખ હેઠળ યોજાયો હતો.રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા બાળકોમાં કૃમિ સંક્રમણને અટકાવવા માટે આ પહેલ કરવામાં આવે છે. દર વર્ષે ઓગસ્ટ અને ફેબ્રુઆરી માસમાં 1 થી 19 વર્ષ સુધીના બાળકોને આ ગોળીઓનું વિતરણ કરાય છે..આ વિતરણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા ઝીંઝુડા ના આયુષ્માન આરોગ્ય મંદિર શેલણા માં આ કામગીરી માં આરોગ્ય કર્મચારી શ્રી હિંમતભાઈ પરમાર રસીલાબેન શેતરણીયા અને અસ્મિતાબેન દ્વારા બાળકોને કૃમિ સંક્રમણ અટકાવવા માટે પ્રાથમિક આરોગ્ય શિક્ષણ અને હાથ ધોવા ના ફાયદાઓ વિશે અને અંગત સ્વચ્છતા વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

તારીખ : 10/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

# રાજ્ય સરકારની કૃષિ નીતિઓથી અમરેલીના ખેડૂતોને નવી શક્તિ



અમરેલી તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ (મંગળવાર) અમરેલી જિલ્લો કૃષિ પ્રધાન જિલ્લો છે. રાજ્ય સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવાના દૃઢ સંકલ્પ સાથે અમરેલી જિલ્લામાં ખેડૂતોના સર્વાંગી ઉત્થાન માટે વ્યાપક અને અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી છે. ખેડૂતોને તેમની ઉપજનો યોગ્ય ભાવ મળી રહે, આર્થિક સુરક્ષા વધે તથા કુદરતી આફતો સામે સમયસર સહાય પ્રાપ્ત થાય એવા હેતુથી અમલમાં મૂકાયેલી વિવિધ યોજનાઓ આજે અમરેલી જિલ્લાના કૃષિ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં કૃષિકારોને સશક્ત કરવા માટે રૂ. ૧૫,000 કરોડની ટેકાના ભાવે જણસોની ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સંવેદનશીલ પહેલના ભાગરૂપે અમરેલી જિલ્લામાં અત્યારસુધીમાં ૬૧,૦૫૨ ખેડૂતો પાસેથી કુલ ૧.૩૫ લાખ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરવામાં આવી છે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીના જણાવ્યા મુજબ નાફેડ મારફતે જિલ્લામાં આવેલા ૧૮ ખરીદી કેન્દ્રો પરથી અંદાજિત રૂ. ૯૮૨ કરોડથી વધુની મગફળી ટેકાના ભાવે ખરીદવામાં આવી છે. આ પગલાંથી ખેડૂતોને બજારની અસ્થિરતા સામે રક્ષણ મળ્યું છે અને તેમની આવકમાં સ્થિરતા આવી છે.ગત ઓક્ટોબર માસમાં થયેલા કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને રાહત પહોંચાડવા રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૦,000 કરોડનું કૃષિ રાહત પેકેજ–૨૦૨૫ અમલમાં મૂકવામાં આવ્યું હતું. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૨.૨૩ લાખ ખેડૂતોને રૂ. ૭૪૯.00 કરોડથી વધુની સહાય સીધી જ તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.

સમયસર અને પારદર્શક રીતે આપવામાં આવેલી આ સહાયથી અસરગ્રસ્ત ખેડૂતોને ફરીથી ખેતી કાર્યમાં બેઠા થવામાં મોટી મદદ મળી છે.ખેતીમાં આધુનિકીકરણ અને ઉત્પાદન ક્ષમતા વધારવાના હેતુથી ખેતીવાડી ખાતા દ્વારા વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન વિવિધ યોજનાઓ અંતર્ગત અમરેલી જિલ્લાના ૧૦,૩૩૮ ખેડૂત લાભાર્થીઓને ટ્રેક્ટર, રોટાવેટર, થ્રેસર, પંપસેટ, સ્પ્રે પંપ સહિતના કૃષિ યાંત્રિક સાધનો માટે અંદાજિત રૂ. ૩૫.૫૨ કરોડની સહાય આપવામાં આવી છે. યાંત્રિકીકરણથી ખેતી ખર્ચમાં ઘટાડો થવા સાથે ઉત્પાદનક્ષમતા અને કાર્યક્ષમતા વધતી જોવા મળી




છે.ખેડૂતોની આવકમાં સતત સહારો પુરો પાડતી "પી.એમ. કિસાન સન્માન નિધિ" યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૧.૮૧ લાખ ખેડૂત લાભાર્થી-કુટુંબોને લાભ આપવામાં આવે છે. યોજના અંતર્ગત અલગ અલગ ૨૧ હપ્તામાં રૂ. ૨,000 લેખે રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવી રહી છે, જે નાના અને સીમાંત ખેડૂતો માટે મહત્વનો આર્થિક આધાર બની છે.

ખેડૂત અકસ્માત વીમા યોજનાના અમલથી ખેડૂતોના પરિવારજનોને આર્થિક સુરક્ષા મળી છે. અકસ્માતે મૃત્યુ પામેલા ખેડૂત ખાતેદારોના વારસદારોને જિલ્લામાં અત્યારસુધીમાં કુલ રૂ. ૨૨૮.00 લાખની સહાય વીમા સ્વરૂપે ચૂકવવામાં આવી છે, જેના કારણે સંકટની ઘડીએ પરિવારને સંભાળ મળી છે.કુદરતના આશીર્વાદ અને ખેડૂતોના અથાગ પરિશ્રમથી અમરેલી જિલ્લામાં ખેતી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ચાલુ વર્ષે ખરીફ સિઝનમાં સારો વરસાદ થતાં આજદિન સુધી કુલ ૫.૫૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. ઉપરાંત રવિ સિઝનમાં ૧.૧૧ લાખ હેક્ટર વિસ્તારમાં ચણા પાકનું વાવેતર નોંધપાત્ર પ્રમાણ વધ્યું છે.આમ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી વ્યાપક સહાય, સમયસરની ટેકાની ખરીદી, આપત્તિ રાહત, યાંત્રિકીકરણ અને આવક આધારિત યોજનાઓના સંયુક્ત પ્રભાવથી અમરેલી જિલ્લાનું કૃષિ ક્ષેત્ર સતત મજબૂત બની રહ્યું છે. ખેડૂતોના પરિશ્રમને યોગ્ય મદદ અને સહારો મળી રહ્યો છે, જે જિલ્લાના સર્વાંગી વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહ્યું છે.

તારીખ : 10/02/2026


નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 10/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

## લાઈવ કેક માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# अनुष्ठान दिवस ४१

" अवतार " की साकार से निराकार तक की यात्रा " आत्मा " के संदेश की श्रृंखला है।

" अवतार " के रूप के साथ केवल और केवल प्रेम-भाव से ही समरस हो सकते है।

बाबा स्वामी

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




શિક્ષક : ઓક્સિજન શ્વાસ માટે અનિવાર્ય છે. એના વગર જીવી ન શકાય. ઓક્સિજનની શોધ ૧૭૭૩ માં થઈ હતી.

ચિન્ટુ : હાશ ભગવાન ! સારું થયું હુ મોડો જન્મ્યો ! નહીતર મારુ શું થાત ?

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 10 ફેબ્રુઆરી મહત્વની ઘટનાઓ

૧૫૦૨ – વાસ્કો દ ગામા પોર્ટુગલના લિસ્બનથી ભારતની બીજી સફરે રવાના થયા.

૧૮૪૬ – પ્રથમ એંગ્લો-શીખ યુદ્ધ: સોબ્રાઉનનું યુદ્ધ: યુદ્ધની અંતિમ લડાઈમાં બ્રિટિશરોએ શીખોને હરાવ્યા.

૧૯૪૦ – સોવિયેત યુનિયને પોલેન્ડના કબજા હેઠળના પૂર્વીય પોલેન્ડથી સાઈબિરિયામાં પોલેન્ડના નાગરિકોની સામૂહિક દેશનિકાલની શરૂઆત કરી.

૧૯૯૬ – આઈબીએમ સુપર કોમ્પ્યુટર ડીપ બ્લુએ પ્રથમ વખત ચેસમાં ગેરી કાસ્પારોવને હરાવ્યો.

૨૦૦૯ – સંચાર ઉપગ્રહો ઈરિડિયમ 33 અને કોસ્મોસ ૨૨૫૧ ભ્રમણકક્ષામાં અથડાયા, જેનાથી બંનેનો નાશ થયો.

૨૦13 – અલ્હાબાદમાં કુંભ મેળા દરમિયાન થયેલી ભાગદોડમાં 3૬ લોકોના મોત થયા છે અને 3૯ લોકો ઘાયલ થયા.

૨૦૨૧ – બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં પરંપરાગત કાર્નિવલ કોવિડ–૧૯ રોગચાળાને કારણે પ્રથમ વખત રદ કરવામાં આવ્યો.

## જન્મ

૧૮૪૭ – નવીનચંદ્ર સેન, બાંગ્લાદેશી કવિ અને લેખક (અ. ૧૯૦૯)

## અવસાન

૨૦૨૨ – સુજ્ઞા ભટ્ટ, ગુજરાત હાઈકોર્ટના ભારતીય ન્યાયાધીશ (જ. ૧૯૪૧)

તારીખ : 10/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973